VOICE OF VAODARA
WEEKLY NEWSPAPER

લીગલ એડવાઈઝર એડવોકેટ & નોટરી ઈશરત શૈખ : 9974176245
લીગલ એડવાઇઝર એડવોકેટ & નોટરી સીમા યાદવ : 91 74860 57408

RNI No. : GUJGUJ/2018/77001

વડોદરા થી દર મંગળવારે પ્રસિધ્ધ થતું અખબાર

# વોઈસ ઓફ વડોદરા

પ્રજાના પ્રશ્નોને વાંચા આપતું અગ્રીમ સાપ્તાહિક

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISHAR MAHENDI

VOICE OF VADODARA

• માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : ઘડિયાળી મુમતાઝ નિસાર મહેંદી • મેનેજીંગ તંત્રી :દિનેશ બારોટ • વર્ષ - ૦૭ • અંક નં.૩૩ • તારીખઃ ૨૨-૦૭-૨૦૨૫, મંગળવાર • મો. ૯૨૭૪૫૯૭૩૩૪ • કિંમતઃ ૧.૦૦
પાના -૪ • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦ / રજી. ઓફિસ એ-૧૫ રાજીવ આવાસ, જે.પી. પોલીસ સ્ટેશન, તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨, ગુજરાત

ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધીન

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISAR MAHENDI ■ MANAGING EDITOR : DINESH BAROT ■ YEAR : 07 ■ ISSUE : 33 ■ DATE : 22-07-2025 TUESDAY ■ PAGE : 04 ■ PRICE RS.1.00
■ M. 9274597334 ■ WWW.VOVNEWS.IN | REGISTERED OFFICE : A-15 RAJIV AAVAS, NEAR J . P. POLICE STATION, TANDALJA VADODARA, 390012 (GUJARAT), VOICEOFVADODARA786@GMAIL.COM

## ભારત પર કોઈ શક્તિ દબાણ ન લાવી શકે', ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું મોટું નિવેદન



ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રવિવારે વીપી એન્કલેવમાં ઈન્ડિયન ડિફેન્સ સ્ટેટ સર્વિસના 2024 બેચના અધિકારીઓને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિએ તમામ પક્ષોને આગ્રહ કર્યો હતો કે, તેઓ રચનાત્મક રાજનીતિમાં ભાગ લે. તમામને લોકતાંત્રિક સંસ્કૃતિનું સન્માન કરવું જોઈએ. આ સિવાય ટ્રમ્પના દાવા બાદ ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, ભારત પર કોઈ શક્તિ દબાણ ન કરી શકે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, 'હું તમામ રાજકીય પક્ષોને આગ્રહ કરું છું કે, તેઓ રચનાત્મક રાજનીતિમાં ભાગ લે. જ્યારે હું આ કહું છું તો હું તમામ પક્ષોને કહું છું, ભલે તે સત્તા પક્ષમાં હોય કે વિપક્ષમાં. લોકશાહી એવી ક્યારેય નથી હોતી કે એક જ પાર્ટી હંમેશા સત્તામાં રહે. વિકાસમાં સતત નિરંતરતા હોવી જોઈએ. આપણી સભ્યતાગત પરંપરાઓની નિરંતરતા હોવી જોઈએ. આ ત્યારે જ શક્ય છે કે જ્યારે આપણે લોકતાંત્રિક સંસ્કૃતિનું સન્માન કરીએ.'

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, 'બહારી નિવેદનોથી પ્રભાવિત ન થાઓ. આ દેશ, એક સંપ્રભુ રાષ્ટ્રમાં તમામ નિર્ણયો લીડરશિપની જેમ લેવામાં આવે છે. દુનિયાની કોઈપણ તાકાત ભારતને આ નિર્દેશ ન આપી શકે કે તેને પોતાના મામલાઓને કેવી રીતે સંભાળવાના છે. આપણે એક એવા રાષ્ટ્ર અને રાષ્ટ્રોમાં રહીએ છીએ, જે એક સમુદાય છે. આપણે એકજુટ થઈને કામ કરીએ છીએ, આપણે તાલમેલથી કામ કરીએ છીએ. આપણે એકબીજાનું સન્માન કરીએ છીએ અને કૂટનીતિક સંવાદ પણ કરીએ છીએ. પરંતુ આપણે સંપ્રભુ છીએ, આપણે પોતાના નિર્ણયો ખૂદ લઈએ છીએ.'

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, 'આપણી ભાષાઓ ખુબ સમૃદ્ધ છે. સંસ્કૃત, તમિલ, તેલુગુ, કન્નડ, હિન્દી, મરાઠી... આપણી પાસે શાસ્ત્રીય ભાષાઓ છે. ભાષાના મામલે આપણે વૈશ્વિક સ્તરે સૌથી સમૃદ્ધ છીએ. તો ભાષા કેવી રીતે વિભાજનકારી હોઈ શકે? ભાષાઓ આપણને જોડવી જોઈએ. જે લોકો ભાષાના આધાર પર વિભાજન કે વિવાદ ફેલાવે છે, તેમણે આપણી સંસ્કૃતિને સમજવી જોઈએ. આપણી ભાષાઓ માત્ર આપણા દેશ સુધી સીમિત નથી, તે વિશ્વ સ્તર પર ઓળખાય છે.'

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, 'આપણે આપણા દ્રષ્ટિકોણ પર ભરોસો રાખવો જોઈએ, પરંતુ બીજાના દ્રષ્ટિકોણનું પણ સન્માન કરવું જોઈએ. ઐતિહાસિક રીતે ભારત પોતાના સમૃદ્ધ સંવાદ, ચર્ચાઓ અને વિચાર-વિમર્શ માટે ઓળખાય છે. આજે આ વસ્તુ સંસદમાં ઓછી જોવા મળે છે. આગામી સંસદ સત્ર ખૂબ જ મહત્ત્વપૂર્ણ હશે. મને આશા છે કે ત્યાં સાર્થક ચર્ચા અને ગંભીર વિચાર-વિમર્શ થશે, જે ભારતને નવી ઊંચાઈ સુધી લઈ જશે.'

## સ્ટેમ્પ ડયૂટીની મોટાપાયે થતી ચોરી બાંધકામવાળી મિલકતોને ઓપન પ્લોટ દર્શાવીને કરાતા દસ્તાવેજો

### સરકારી તંત્ર મોડે મોડે જાગ્યું, હવે દરેક ઓપન પ્લોટના દસ્તાવેજોની નોંધણી બાદ ૧૦૦ ટકા સ્થળ ચકાસણી કરાશે

વડોદરા, તા.20 રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં નોંધાતા ઓપન પ્લોટના દસ્તાવેજોમાં મોટાપાયે ખોટી વિગતો દર્શાવવામાં આવતી હોવાનું બહાર આવ્યું છે. બાંધકામવાળી મિલકતો હોય અને તેને ઓપન પ્લોટ (ખુલ્લી જમીન) જણાવી દસ્તાવેજોની નોંધણી કરવામાં આવી રહી છે.

પક્ષકારો દ્વારા સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં ઓપન પ્લોટવાળી મિલકતના વેચાણ દસ્તાવેજની નોંધણી કરવામાં આવતી હોય છે. આ સમયે દસ્તાવેજ સાથે પક્ષકારે મિલકત ઓપન પ્લોટવાળી હોવા અંગે એક સોગંદનામું રજૂ કરવામાં આવે છે તેમજ મિલકતના ફોટોગ્રાફસ પાડી તેમાં મિલકતની સ્થળ સ્થિતિ જાણી શકાય તે માટે અક્ષાંશ અને રેખાંશની વિગતો દર્શાવી ફોટોગ્રાફસ રજૂ કરવાની સૂચનાઓ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી નિરિક્ષક દ્વારા આપવામાં આવતા તે મુજબ ઓપન પ્લોટના વેચાણ દસ્તાવેજોમાં મિલકતના ફોટોગ્રાફસ અક્ષાંશ અને રેખાંશની વિગતો દર્શાવીને નોંધણી કરાય છે.

દરમિયાન એવી વિગતો ધ્યાનમાં આવી હતી કે બાંધકામવાળી મિલકતના દસ્તાવેજ ઓપન પ્લોટ દર્શાવીને કરાતા હોય છે જે અટકાવવા માટે સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરિક્ષક દ્વારા રાજ્યના દરેક સ્ટેમ્પ ડયૂટી મૂલ્યાંકન નાયબ કલેક્ટરને એક પત્ર લખી એવી સૂચના આપવામાં આવી છે કે સ્ટેમ્પ ડયૂટીની મહેસૂલી આવકની ચોરી થતી અટકાવવા માટે તા.૧ જૂનથી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી થયેલ તમામ દસ્તાવેજોની ૧૦૦ ટકા ચકાસણી કરવાની રહેશે. એટલું જ નહી પરંતુ સબ રજિસ્ટ્રાર કચેરી ખાતે ઓપન પ્લોટ તરીકે નોંધણી થયેલા દરેક દસ્તાવેજોની મિલકતોના અક્ષાંશ અને રેખાંશ આધારે સ્થળ તપાસ કરવાની રહેશે. ઓપન પ્લોટના અનેક દસ્તાવેજો થઈ ગયા બાદ આખરે સરકારી તંત્રની આંખ ઉઘડી છ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરિક્ષકની કચેરી દ્વારા અગાઉ તમામ નાયબ કલેક્ટર કચેરીઓને ઓપન પ્લોટ તરીકે નોંધાયેલ દસ્તાવેજોની રેન્ડમ ચકાસણી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી પરંતુ આ સૂચનાનું પાલન કરાતું ન હોવાથી પક્ષકારો બાંધકામવાળી મિલકતના દસ્તાવેજ ઓપન પ્લોટ તરીકે નોંધણી કરાવતા હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે ગાંધીનગરની વડી કચેરી દ્વારા કડક આદેશ કરવામાં આવ્યા છે. ઓપન પ્લોટ તરીકે નોંધણી થયેલા દરેક દસ્તાવેજોની ચકાસણી તેમજ સ્થળ તપાસ સબ રજિસ્ટ્રાર કચેરીના કચેરી અધિક્ષક તેમજ સ્ટેમ્પ નિરિક્ષકે કરવાની અને તમામ દસ્તાવેજોની ચકાસણી થઈ છે કે નહી તેની ખાત્રી અને મોનિટરિંગ નાયબ કલેક્ટર કરશે. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોધણી નિરિક્ષકે એવી ચીમકી પણ ઉચ્ચારી છે કે કોઈ ચૂક થશે તો નાયબ કલેક્ટર ઉપરાંત જે કચેરી અધિક્ષક અથવા સ્ટેમ્પ નિરિક્ષકની અંગત જવાબદારી નક્કી કરવામાં આવશે.

## વાડીમાં ગંદકી, વડનગરમાં ગટરની ગંધથી લોકો ત્રસ્ત

વાડી મોગલવાડા પાસે ગંદકીને પગલે રહીશોએ વિરોધ નોંધાવ્યો હતો. જ્યારે સેવાસી ખાતે ગટર ઊભરાવાની સમસ્યા છે. વોર્ડ નંબર 11 વડનગરમાં વુડાનાં મકાનોમાં ગટર ઊભરાવાની સમસ્યા છે. સોમા તળાવ રિદ્ધિ-સિદ્ધિ સોસાયટીના રહીશો વરસાદી કાંસમાં ગટરના પાણીને પગલે પરેશાન થઈ ગયા છે.

ચોમાસાની શરૂઆત થઈ ચૂકી છે તેની સાથે જ પાલિકાની પોલ ખુલ્લી પડી જવા પામી છે. શહેરના અનેક વિસ્તારોમાં ગટર ઊભરાવાની, ગંદકી અને દૂષિત પાણીને પગલે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત જોવા મળી રહી છે.

પાલિકા દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવી રહી ન હોવાની દરેક વિસ્તારના રહીશો ફરિયાદ કરી રહ્યા છે. શહેરના વોર્ડ નંબર 11માં આવેલા વડનગર ખાતેના વુડાનાં આવાસોમાં ડ્રેનેજ ઊભરાવાને પગલે ગંદકી ફેલાતાં રહીશો પરેશાન થઈ ગયા છે.

## પોસ્ટ વિભાગે સત્તાવાર જાહેરાત કરીઃપોસ્ટ ઓફિસોમાં આર્થિક લેવડ-દેવડ બંધ રહેશે

ટપાલ વિભાગ દ્વારા ટપાલ સેવાઓ માટે એડવાન્સ્ડ પોસ્ટલ ટેક્નોલોજી એપ્લિકેશનનો રાજ્યવ્યાપી રોલ આઉટ 22મીએ હાથ ધરાયો છે. જે અંતર્ગત 21 જુલાઈએ વડોદરા પશ્ચિમ ડિવિઝનની ફતેગંજ હેડ ઓફિસ, 45 સબ પોસ્ટ ઓફિસ તથા 258 બ્રાન્ચ પોસ્ટ ઓફિસોમાં પણ એડવાન્સ્ડ પોસ્ટ ટેક્નોલોજી એપ્લિકેશનનો અમલ કરાશે.

જેથી તમામ સંબંધિત કચેરીઓમાં ડેટા માઈગ્રેશન, સિસ્ટમ કન્ફિગ્રેશન અને ચકાસણી સહિતની જાહેર લેણદેણ કરાશે નહીં, તેવી પોસ્ટ વિભાગે સત્તાવાર જાહેરાત કરી છે. 23મી જુલાઈથી રાબેતા મુજબ સંબંધિત કામગીરીનો પ્રારંભ થશે.

## તોલમાપ વિભાગની 33 જિલ્લાના શહેર-હાઈવેના 267 પેટ્રોલ-ડિઝલ પંપ પર રેડ

### અમદાવાદ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં 16 પંપમાં ગેરરીતિ સામે આવી, દંડ ફટકાર્યો

રાજ્યના તોલમાપ તંત્ર દ્વારા ગત તા. 18-19 જુલાઈના રોજ રાજ્યવ્યાપી બે દિવસની વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં વિવિધ શહેરો- હાઈવે પર આવેલા 267 જેટલા પેટ્રોલ-ડિઝલ પંપ ઉપર દરોડા પાડીને સ્થળ તપાસ કરી હતી. આ દરોડા દરમિયાન 16 જેટલા પેટ્રોલ-ડિઝલ પંપ પર ગેરરીતિ જણાતાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

સમગ્ર રાજ્યમાં નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા સામૂહિક ઝુંબેશ રૂપે રાજ્યના તમામ 33 જિલ્લામાં અલગ-અલગ પેટ્રોલ-ડીઝલ પંપોની આકસ્મિક તપાસણી હાથ ધરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અમદાવાદ જિલ્લામાં 3, પંચમહાલમાં 2 તેમજ વડોદરા, સુરત, કચ્છ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, હિંમતનગર અને મોરબી જિલ્લામાં 1-1 એમ કુલ 16 પેટ્રોલ અને ડીઝલ પંપનો સમાવેશ થાય છે. આ ઝુંબેશ દરમિયાન તોલમાપ તંત્રના નાયબ નિયંત્રક, મદદનીશ નિયંત્રક, ઈન્સપેક્ટરો દ્વારા રાજ્યના પેટ્રોલ-ડીઝલ પંપ ખાતે તંત્રના કાયદા અને નિયમોની જોગવાઈઓનો ભંગ કરતા કુલ 16 જેટલા પેટ્રોલ-ડીઝલ પંપો સામે કાયદેસરની કાર્યવાહી કરીને દંડ વસૂલવામાં આવ્યો છે. આ અંગે વધુ તપાસની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

FOR SELL



1BHK
Tenement
House

SARFARAZ PARK,
TANDALJA, VADODARA.

M.9825017686

## કોલ ફોરવર્ડિંગ સ્કેમ : વડોદરા સહિત ગુજરાતમાં વધતી એક અજાણી ડિજિટલ ધમકી

ડૉ. સ્નેહલ હેમંતકુમાર વકીલના
(International Cyber Lawyer, Data Protection and AI Specialist)

ડિજિટલ યુગે જીવન સહેલું કર્યું છે, પણ તેની સાથે નવા પ્રકારના સાયબર ગુનાઓ પણ જન્મ્યા છે. વડોદરા શહેર સહિત સમગ્ર ગુજરાતમાં હાલમાં કોલ ફોરવર્ડિંગ સ્કેમના કેસો સતત વધી રહ્યા છે. આ ગુનો એટલો વિચિત્ર છે કે વ્યક્તિ પોતે જ જાણ્યા વગર પોતાના મોબાઈલથી પોતાનાOTP, બેંક કૉલ અને ગુપ્ત સંવાદો સુધી સ્કેમર્સને સીધી ઍક્સેસ આપી દે છે.

### સ્કેમ કેવી રીતે થાય છે?

કાર્યપદ્ધતિ (Modus Operandi):

1. સ્કેમર્સ કોઈ મોબાઈલ કંપનીના કર્મચારી કે બેંક પ્રતિનિધિ તરીકે ફોન કરે છે.
2. બહાનો આપે છે કે તમારું નેટવર્ક સુધારવા કે ખાતાની સુરક્ષા માટે એક કોડ ડાયલ કરો.
3. આવા કોડ હોય છે જેમ કે *★21★, જે તમારા કોલ્સ forwarding mode માં મૂકી દે છે.
4. એકવાર forwarding સક્રિય થાય પછી તમારાં કોલ અને OTP સીધા ફ્રોડસ્ટર સુધી પહોંચી જાય છે.
5. સ્કેમર્સ આ ડેટાનો ઉપયોગ કરી બેંક ખાતા ખાલી કરી દે છે અથવા UPI મારફતે ચોરી કરે છે.

### વડોદરાના જાણીતા કેસો

કેસ 1: અલકાપુરીમાં એક વ્યકિતએ નેટવર્ક સુધારણા નામે કોડ ડાયલ કર્યો અને બે કલાકમાં OTP શેર કર્યા વિના તેની ખાતાથી 1.4 લાખ રૂપિયા નીકળી ગયા.

કેસ 2: એક સ્થાનિક ઉદ્યોગપતિએ ફોન forwarding થયાનું જાણી નહિ. સ્કેમર્સે તેમના ફોનના માધ્યમથી બેંક લોન, ઉપિ વ્યવહારો અને અન્ય ડેટા ચોરી લીધો.

### તમારું ફોન forwarding થયું છે કે કેમ – તરત તપાસો

તમારું નંબર forwarding છે કે નહીં તે જાણવા નીચેનો કોડ તમારા ફોનમાં ડાયલ કરોઃ *★62★

આ કોડ દ્વારા જાણવા મળશે કે તમારું ફોન કોઈ બીજા નંબર પર forwarding થયું છે કે નહીં - ખાસ કરીને જ્યારે તમારું ફોન coverage બહાર હોય, બંધ હોય કે વ્યસ્ત હોય ત્યારે.

### forwarding બંધ કરવા માટે – સુરક્ષા પગલું

તમારા ફોનમાંથી તમામ forwarding દૂર કરવા માટે નીચે આપેલો કોડ વાપરોઃ ★★002★

આ કમાન્ડ તમારા ફોનમાંથી દરેક પ્રકારનું forwarding રદ કરી દેશે.

### ડૉ. સ્નેહલ વકીલનાનો સંદેશ



કોલ ફોરવર્ડિંગ એ માત્ર એક ટેકનિકલ સુવિધા નથી, પણ ખોટા હાથે જાય તો તે તમારા ડિજિટલ જીવન માટે સૌથી મોટી અસુરક્ષા બની શકે છે. ક્યારે અને ક્યાં કોડ ડાયલ કરો તેની ખબર હોય તો જ કરો, નહીંતર આજે forwarding તમારા ફોનથી શરૂ થાય અને ભવિષ્યમાં તમારી ઓળખ forwarding થઈ શકે છે."

**ડૉ. સ્નેહલ હેમંતકુમાર વકીલના**
**International Cyber Lawyer | AI & Data Protection Specialist**

---

### સલાહકાર સૂચનો

- અજાણ્યા ફોન કોલમાં કોઈ પણ પ્રકારનો કોડ ડાયલ ન કરો.
- મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કે બેંક ક્યારેય ફોન પર forwarding કરાવતી નથી.
- સાઈબર ક્રાઈમ સંબંધિત ફરિયાદ માટે 1930 હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરો.
- તમારી મોબાઈલ સેટિંગ્સમાં_Call Forwarding_ ચેક કરો અને બે પગથિયાની વેરિફિકેશન સક્રિય કરો.

**સંપર્ક માટેઃ**
**ડૉ. સ્નેહલ હેમંતકુમાર વકીલના**
**(International Cyber Lawyer, Data Protection and AI Specialist)**
**સ્થળ: ગુજરાત, ભારત**

Mobile : 7486057408, 9712197408

SEEMA YADAV
ADVOCATE & NOTARY
GOVT. OF INDIA

ALL TYPE OF LEGAL WORK AND AGREEMENT



» SALE DEED AGREEMENT
» ALL REVENUE WORK
» MARRIAGE REGISTRATION
» ALL APPEAL
» PROPERTY CARD WORK
» SSRD APPEAL
» TITLE CLEAR CERTIFICATE
» PUBLIC NOTICE
» CIVIL SUIT
» BIRTH & DEATH CERTIFICATE
» MAINTENANCE CASE
» FAMILY ISSUE & FAMILY COUNSELING
» LAND GRABBING MATTERS
» ASHAN DHARA CERTIFICATE
» HOUSE DASTAVEJ






ALL TYPE OF NOTARY WORK

OFFICE- FF/114, PRAMUKH BAZAR COMPLEX, ATALADRA, VADODRA

# વડોદરા કોર્પોરેશન 1.38 કરોડના ખર્ચે 3 ડેડબોડી વાન અને 1.35 કરોડના ખર્ચે 6 મોબાઈલ ટોઈલેટ ખરીદશે

સ્વચ્છતા સર્વેક્ષણ 2024 એવોર્ડમાં પ્રોમિસિંગ કેટેગરીમાં 18માં (આશ્વાસન ઈનામ) નંબરે આવેલા શહેરની સુવિધાઓમાં વધારો કરવાના ભાગરૂપે વડોદરા કોર્પોરેશન દ્વારા રૂપિયા 1.38 કરોડના ખર્ચે 3 ડેડબોડી વાન અને રૂપિયા 1.35 કરોડના ખર્ચે 6 મોબાઈલ ટોયલેટ ખરીદવામાં આવશે. તા. 19ના રોજ મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં ડેડબોડી વાન અને મોબાઈલ ટોઈલેટ ખરીદ કરવાના કામ સહિત વિવિધ વિભાગના 6 કામોના ભાવો મંજૂર કરવાની દરખાસ્ત આવી છે.

વડોદરા અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગમાં હાલમાં કુલ 4 ડેડબોડી વાન કમ એમ્બ્યુલન્સ છે. વડોદરા શહેરનો હદ વિસ્તાર વધતો જાય છે. જેથી હાલના ઈ.આર.સી ફાયર સ્ટેશન ઉપરાંત નવીન ફાયર સ્ટેશન બનવાના છે. દરેક ફાયર સ્ટેશને એમ્બ્યુલન્સ વાનની તથા મૃતદેહ વાહિનીની સેવાઓ પૂરી પાડવા માટે કોર્પોરેશન દ્વારા રૂપિયા 1,38,00,000ના ખર્ચે નવી 3 ડેડબોડી વાન ખરીદવામાં આવશે.

વડોદરા મહાનગર પાલિકાની હદમાં તથા તેની આજુ બાજુ ભારત સરકાર-રાજય સરકાર તથા પાલિકાના નાગરિકલક્ષી, ધાર્મિક કાર્યક્રમો, સામાજીક કાર્યક્રમો વગેરે ઓપન પ્લોટોમાં આયોજન કરવામાં આવે છે. જેમાં આયોજકો દ્વારા મોબાઈલ ટોઈલેટ વાન ફાળવી આપવા માંગણી કરવામાં આવે છે.

આ ઉપરાંત ઝૂપડપટ્ટી, સ્મલ એરીયા વગેરે જેવા વિસ્તારોમાં રહેતા ગરીબ શહેરીજનો માટે ટોઈલેટ જેવી સુવિધા ન હોવાથી આવા સ્થળે પણ પાલિકાની ફરજના ભાગરૂપે મોબાઈલ ટોઈલેટ વાન જરૂરીયાત અનુસાર વોર્ડ-ઝોન કક્ષાએથી મુકવામાં આવે છે.

હાલમાં પાલિકા પાસે 4 મોબાઈલ ટોઈલેટ વાન કાર્યરત છે. જે આશરે 10 વર્ષ જૂના છે. જેથી પાલિકા દ્વારા રૂપિયા 22,64,500નું એક એવા રૂપિયા 1,35,87,000ના 6 મોબાઈલ ટોઈલેટ ખરીદવામાં આવશે. જે ઈજારદાર પાસેથી મોબાઈલ ટોઈલેટ ખરીદવામાં આવશે તે ઈજારદારને પ્રતિ મોબાઈલ ટોઈલેટ રૂપિયા 1003 સંચાલન અને મેઈન્ટેનન્સ માટે અલગ ચૂકવવાના રહેશે.

આ ઉપરાંત અકોટા વિસ્તારમાં આઈ.ઓ.સી. નગરથી શક્તિ પાર્ક સુધી રૂપિયા 22 લાખના ખર્ચે નવી ડ્રેનેજ લાઈન નાંખવાનુ કામ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સબમર્સીબલ પંપ સેટ રીપેરીંગ અને મોટર રીવાઈન્ડીગનુ કામ રૂપિયા 20 લાખના ખર્ચે કરવાનું કામ અને જમીન મિલકત શાખા દ્વારા પાલિકા હસ્તકના 24 પ્લોટો પે એન્ડ પાર્કથી આપવાનું કામ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.



તંત્રી સ્થાનેથી ....

■ ઘડિયાળી મુમતાઝ

## જાહેરખબરોની જાહેર જીવન પર અસરો...!

જાહેરખબરોની તાકાત કેટલી છે એની આપણને જાહેરમાં ખબર નથી. એ આપણાં જીવનમાં હળીમળીને એવી એકરૂપ બની ગઈ છે કે આપણે એને કેટલી નોટીસ કરીએ છીએ એ બાબત આપણે ક્યારેય નોટીસ કરતા નથી. પણ એ આપણી સાથે જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી ની જેમ રહેતી હોય છે. આપણે જીવીએ ત્યાં સુધી જાહેરખબરોના પ્રતાપે આપણે કેટલું વણજોઈતું શોપિંગ કર્યું એનો હિસાબ માંડો તો ગોટાળે ચડી જવાય. એમાં આપણો વાંક નથી. જાહેરખબર પર આંખ કે કાન ના અથડાય એવા નિર્મોહી લોકો આપણે નથી. એ ઓડિયો કે વિઝ્યુલ સ્વરૂપે તમારી સામે એટલી બધી વાર અથડાયા કરે કે એ તમને ગોખાઈ જાય. આજે અડધા સૈકા પછી પણ મિત્રો સાથે ચીયર્સ કરતા, 'દારૂડિયો દારૂને નથી પીતો દારૂ જ દારૂડિયાને પી જાય છે', વાળી જાહેરખબર લોકોને યાદ આવી જતી હોય છે. એડવર્ટાઈઝમેન્ટની પંચલાઈનને પથ્થર કી લકીર માનીને જીવતા ભોળા લોકોથી દુનિયા ભરી પડી છે. એની માયાજાળમાં તમે ક્યારે લપટાઈ જાઓ એની તમને ખબર પણ ના પડે. ભલભલા હોંશિયાર લોકોને જાહેરખબરો ક્યારે ચૂનો લગાડી જાય એ પણ ખબર ન પડે. એડવર્ટાઈઝમેન્ટમાં કોઈ સ્ટાર કે સેલિબ્રિટીને જોઈને આપણે એવા હરખાઈએ અને માની લઈએ કે તેઓની સુંદરતા અને ફીટનેસની ચાવી આપણે હાથ લાગી ગઈ છે અને આપણા જીવનના તાળાં તોડવા આપણે ચાવી સમજીને પોતાના જ માથે હથોડા મારતા ફરતા હોઈએ. ચાર સપ્તાહમાં ગોરા રંગની ગેરેંટી લઈને આપણે ગોરા થવાના સાબુઓના ખડકલા કરી દેતા હોઈએ. આપણું ગુલામ માનસ ગોરા રંગને જ સુંદરતા માનતું હોય છે. એટલે ગોરું એટલું રૂપાળું, પણ કાળુ શું 'કબૂતરુંને નહાવા જાય, પરમેશ્વરના કીધા વિના કેમ ગોરું થાય? જેવી બાળપણમાં સાંભળેલી પંક્તિઓને એડવર્ટાઈઝમેન્ટની જેમ યાદ રાખી હોય તો? ખીલીખીલી ત્વચા મેળવવા વરનું વૉલેટ ખાલી ખાલી થઈ જતું હોય. ત્યાં પતિ બિચારો જીવ બાળીને કાળો પડી જાય. પછી એને હેન્ડસમ અને ગોરો બનાવવાની ટ્યુબ વાપરવાનું કહેવાનો શું અર્થ? ચાર સંતાનોની મા નહિ, પણ સાસુ લાગતી સ્ત્રી એડ જોઈને ઉંમરને ભગાડતો સાબુ લઈ આવે. તમારું ફુલ્લી ગ્રોન સંતાન તમને જાહેરમાં મમ્મી કહીને બોલાવશે અને લોકોને અચરજ થશે એવા શેખચલ્લી તુક્કાઓ સાથે સ્ત્રીઓ સાબુઓ ખરીદી લાવતી હોય અને એ વાપર્યા પછી તમારું સંતાન તમને જાહેરમાં ખરેખર મમ્મી કહીને બોલાવે, ત્યારે આજુબાજુના લોકોને અચરજને બદલે રમૂજ સૂઝે એવું બને, ત્યારે નાની અને નાનીના ચણાના લોટનું ઉબટન બંને યાદ આવી જાય. વળી ખાસ સાબુ વાપરવાથી ત્વચા પરથી દુપટ્ટો સરી પડ્યાની એડ જોઈને આંધળૂકિયા કરવામાં વેલ્ક્રો જેવી ચામડીમાં કપડાં ભરાઈ જાય એવું પણ બને. ખેતરમાં નીંદણ ઉગ્યું હોય એવા રહ્યા સહ્યા વાળને બાઉંસી અને ચમકીલા બનાવવા શેમ્પુની એડ જોઈને બહેન કેટલાય મરણિયા પ્રયાસો કરે એમાં રહ્યું-સહ્યું ઘાંસ પણ ઉખડી જાય. શેમ્પુને બદલે વીગ ખરીદવાનો વારો આવે. આપણે તો ઘેર-ઘેર કલીયોપેટ્રાઓ વસતી હોય જે ત્વચા અને વાળને સુંદર બનાવવા એમના પતિદેવોની આહૂતિ આપી દેવામાં પણ ચિંતા ન કરે. વળી જાહેરખબરમાં દેખાતી દરેક ખાવાની કે વાપરવાની પ્રોડક્ટ્સ વિટામિન્સ, મિનરલ્સ, કેલ્શિયમ અને કદાચ અમૃતથી યુક્ત હોય છે. જેની એડ જોઈને સમજુ નારીઓ એવી દોડે કે જાણે મુરલીધર ભગવાન કૃષ્ણની વાંસળી સાંભળીને ગોપીઓ દોડતી. ગોપીઓ ભક્તિભાવે દોડતી અને આ પ્રાપ્તિભાવે. જાહેરખબરોની લલચામણી મોહિનીમાં સ્ત્રીઓ અને બાળકો આવી જાય એવી માન્યતા હતી, પરંતુ હેન્ડસમ ચહેરો અને ફ્લેટ પેટ બનાવવાની લાલચે પુરુષો પણ ખરીદી કરી આવતા હોય. ઘણી એડ જોઈને ઘણાં પુરુષો ખરીદી કરવા એવા લલચાતા હોય છે કે જાણે પ્રોડક્ટ સાથે એ એડની મોડેલ ફ્રીમાં મળવાની હોય અને આ ગ્લેમરસ અસરમાંથી સિનિયર સિટિઝન્સ પણ બાકાત ના રહી શકે. એમના ઘરડા હાડકાંઓમાં નવું જોશ ચપટીમાં આવી જવાની લાલચે દાદા પણ જાતજાતની પ્રૉડક્ટ્સ લઈ આવે અને પોતાને સાઠ સાલ કે બૂઢે નહિ પણ સાઠ સાલ કે જવાન સમજવા લાગે. વળી આપણા દેશમાં ફેન શબ્દ એવો ગજબનો છે કે ઘણાં ફેન્સ તો પોતાના પ્રિય એક્ટર્સ જે એડમાં આવતા હોય એ પ્રૉડક્ટ વાપરીને તેઓ પોતાની ફેનફરજ નિભાવવાનું પણ ગૌરવ અનુભવતા હોય. કેટલીક વાર ઘણી ઈન્શ્યોરન્સની જાહેરખબર જોઈને શ્રીમતીજીઓ લલચાઈ પણ જતી હોય અને જીવતો હાથી લાખનો કરતા ગયા પછી સવા લાખનો મળશે એ લાલચે એડ જોયા પછી પતિએ ઈન્શ્યોરન્સ લીધો છે કે નહિ એ વાતની ખાતરી પણ કરી લેતી હોય છે. જાહેરખબરોની આ મૃગજળ સમી માયાજાળમાં ફસાવાની મજા પણ છે.

## ગેરેન્ટીમાં હોય છતાં માર્ગ પર ખાડા પડી જવા મામલે ઈજારદાર, અધિકારી બંને પાસેથી દંડ વસૂલો : અમીબેન રાવત



વડોદરા પાલિકાની સામાન્ય સભામાં કોંગ્રેસના કોર્પોરેટર અમીબેન રાવતએ ગેરેન્ટીમાં હોય છતાં માર્ગ પર ખાડા પડી જવા મામલે ઈજારદાર, અધિકારી બંને પાસેથી દંડ વસુલવા તથા આજવા સરોવરમાંથી માટી ક્યાં નખાઈ? તેનો અહેવાલ સભામાં રજૂ કરવા રજૂઆત કરી છે.

કોર્પોરેશનની સામાન્ય સભામાં કોંગ્રેસના કોર્પોરેટર અમીબેન રાવતે રજૂઆત કરી હતી કે, શહેરમાં ચોમાસા ટાણે અનેક વિસ્તારમાં રસ્તા પર ખાડા પડી ગયા છે. જે ઈજાદારોએ કામ કર્યું છે અને તેઓની હજુ જવાબદારી છે ત્યાં તાત્કાલિક ધોરણે ખાડો પુરાવવામાં આવે, આ સાથે ખાડો પડ્યો હોય તે રોડનો કોર ટેસ્ટ પણ કરાવવામાં આવે. જ્યારે ઈજારદારે રોડના મેન્ટેનન્સનો પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ લીધો હોય અને રોડ 10 વર્ષ ચાલવો જોઈએ તો એક વર્ષમાં રસ્તામાં ખાડા કેવી રીતે પડી જાય? આ માટે જવાબદાર કોન્ટ્રાક્ટર અને અધિકારી બંને વિરુદ્ધ કાર્યવાહી કરો. કારણ કે રોડના ઈજારદારોએ જાણે શહેરને બાનમાં લીધું હોય તેમ ઠેકઠેકાણે ખાડા પડી ગયા છે. એટલું જ નહીં, રોડના આઠ ઈજારદારોએ પાલિકા હદમાં થતા કામો વહેંચી લીધા છે, આ માટે આપણે ઈજારદારને માત્ર રૂપિયા 50,000નો દંડ કરી સંતોષ ના માનવો જોઈએ. કારણકે તેઓએ બનાવેલ હલકી કક્ષાના માર્ગના કારણે આજે હજારો નાગરિકો અને વાહન ચાલકો હેરાન થઈ રહ્યા છે. ઘણી જગ્યાએ ડ્રેનેજ અને રસ્તાના કામમાં ચરી પડી ગઈ છે આવા ઈજારદારોનું પેમેન્ટ રોકો, તેઓને દંડ કરો અને આ તમામ ખોટા કામોની વિજિલન્સ તપાસ કરવામાં આવે. અમીબેન રાવતે એમ પણ જણાવ્યું કે, આપણે વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત શહેરીજનને આજવા તળાવમાંથી જોઈએ તેટલી માટી વિનામૂલ્યે આપી દેતા હતા. પાલિકાના અહેવાલ મુજબ, આજવામાંથી 27 લાખ મેટ્રિક ટન માટી બહાર કાઢવામાં આવી છે પરંતુ આ માટી ક્યાં ગઈ? તેની વિગત સભામાં જાહેર થવી જોઈએ. કારણ કે કોર્પોરેટરોએ સ્મશાન અથવા પોતાના વિસ્તારમાં માટી નાખવાની ભલામણ થઈ હતી પરંતુ ત્યાં માટી નંખાઈ નથી અને બિલ્ડરો અને માલેતુજારોના સૂચન મુજબ માટી નાખવામાં આવી છે. આ માટી ભલે મફતમાં અપાઈ હોય પરંતુ તેનું ખોદાણ અને ટ્રાન્સપોર્ટેશનના પૈસા કોર્પોરેશને ચૂકવ્યા છે. જેથી તમામ શહેરીજનોને આ મામલે સત્યતા ખબર પડાવી જોઈએ.

## હવે સિગ્નલ તોડશો તો ટ્રાફિક પોલીસ કચેરીએ તેડાવશે, વાહનચાલકને ફોટો બતાવીને પાઠ ભણાવી દંડ વસૂલાશે



ટ્રાફિક પોલીસે સિગ્નલ તોડનાર સામે કાર્યવાહીનો નવો અભિગમ અપનાવ્યો છે. સિગ્નલ તોડનારને ઓફિસે બોલાવી તેણે તોડેલા સિગ્નલના ફોટો બતાવાશે. સિગ્નલ તોડનારનું કાઉન્સેલિંગ કરી સ્થળ પર દંડ પણ કરાશે.

જાન્યુઆરીથી જુલાઈ સુધી 4 હજારથી વધુ લોકોએ સિગ્નલ ભંગ કર્યું હોવાનું પોલીસે કહ્યું હતું. લોકોને જાગૃત કરવા છતાં અનેક વાહનચાલકો સિગ્નલ ભંગ કરતા હોવાથી પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. સીસીટીવી કંટ્રોલરૂમથી પોલીસ ખાસ નજર રાખી સિગ્નલ તોડનારને વાહન નંબરથી ઓળખશે અને તેને કોલ કરીને ટ્રાફિક પોલીસની ઓફિસમાં બોલાવાશે.

એસીપી ટ્રાફિક ડી.એમ. વ્યાસે કહ્યું કે, પહેલાં બે દિવસમાં 20થી વધુ લોકોને બોલાવી કાર્યવાહી કરાઈ હતી. જો જે-તે વ્યક્તિ ન સુધરે તો તેની સામે ગુનો પણ નોંધાઈ શકે છે. સાથે સ્થળ પર પણ ટ્રાફિક પોલીસ કાર્યવાહી કરશે. કહ્યું કે, વારંવાર નિયમોનો ભંગ કરનારનું પોલીસ તો કાઉન્સેલિંગ તો કરશે, સાથે મિત્રો અને પરિવારને ખાસ સમજાવવા સૂચન કરશે. પોલીસે કહ્યું હતું કે, ટ્રાફિક નિયમોનો ભંગ કરનારને ઈ-મેમો મોકલાશે. જોકે કેટલાંક સર્કલ અને ટ્રાફિક સિગ્નલ ઓળખી ત્યાં ખાસ નજર રખાશે અને સિગ્નલ તોડનારને ટ્રાફિક ઓફિસે બોલાવી દંડિત કરાશે.

## કારેલીબાગમાં પાણીની સમસ્યાથી ત્રસ્ત મહિલાઓએ માટલા ફોડ્યા



કારેલીબાગની અક્ષતા સોસાયટીમાં પાણીની સમસ્યાથી ત્રસ્ત મહિલાઓએ આજે માટલા ફોડી તંત્ર વિરુદ્ધ રોષ વ્યક્ત કરી વહેલી તકે સમસ્યાનું નિરાકરણ ન આવે તો ધરણાની ચીમકી ઉચ્ચારી હતી. શહેરના વોર્ડ નં. 7માં સમાવિષ્ટ કારેલીબાગ વિસ્તારની અક્ષતા સોસાયટીમાં પાણીની સમસ્યા મુદ્દે પાછલા બે વર્ષથી રહીશો બૂમો પાડી રહ્યા છે. પાછલા પખવાડિયાથી પાણી ઓછા પ્રેશરથી ઓછા સમય માટે વિતરણ થતા રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે સોસાયટીની મહિલાઓએ એકત્ર થઈ સત્તાપક્ષ અને કોર્પોરેશન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી માટલા ફોડી રોષ વ્યક્ત કર્યો હતો. મહિલાઓનું કહેવું હતું કે, સ્થાનિક કાઉન્સિલર તથા કોર્પોરેશનના અધિકારી-કર્મચારીઓને આ વિસ્તારમાં પાણીની સમસ્યા અંગે અનેક વખત રજૂઆત કરી ચૂક્યા છે, પાછલા 16 દિવસથી માત્ર 10 - 15 મિનિટ પાણીનું વિતરણ થઈ રહ્યું છે, અને તેમાં પણ મોટાભાગે દૂષિત પાણી મળી રહ્યું છે, સમયસર વેરો ભરીએ છીએ પરંતુ, સુવિધા મળી રહી નથી, રોજિંદા જનજીવન ઉપર અસર થઈ રહી છે.

## MGVCLના 550 કોન્ટ્રાક્ટ કર્મીના પગાર 5 માસથી અનિયમિત થતાં નવલખીમાં હડતાળ

કોઈ વીજ લાઈનમાં ફોલ્ટ થાય, વિજ પૂરવઠો બંધ થયો હોય તેની કામગીરી, મરામત કરવા એફઆરટીની ટીમ તૈનાત રહે છે. જોકે આ ટીમનું આટસોર્સિંગ કરાતા તેના કર્મીઓના પગારના ધાંધિયા શરૂ થયા હતા.

એક સાથે શહેરના 300, જ્યારે જિલ્લાના 250થી વધુ કર્મીઓ હડતાળ પર ઉતરતા શહેરની વિઝન પ્લસ કંપનીએ તાત્કાલિક પગારનું ચૂકવણું કર્યું હતું. જોકે જિલ્લાની સાંધા કંપનીએ મંગળવારે પગાર કરવાનું કહેતા જિલ્લાની ટીમે હડતાળ ચાલુ રાખી હતી.

વાડી સબ ડિવિઝનમાં એફઆરટીમાં નોકરી કરતા સતીષ હરેશભાઈ માછીએ કહ્યું હતું કે, અમે વિઝન પ્લસ કંપની તરફથી નોકરી કરીએ છીએ. હું નવ મહિનાથી નોકરી કરૂ છું. ત્યારે બે દિવસ પહેલાં મને આઈકાર્ડ અપાયું હતું.

પાંચ મહિનાથી પગારમાં વિલંબ થઈ રહ્યો છે. આ કારણે ઘણી તકલીફ પડી રહી છે. અમારો પગાર મોડે-મોડે 17-20 તારીખ સુધી કરાય છે. ત્યારે તેને લઈ શહેરના 14 ડિવિઝન પૈકી, વાડી, પાણીગેટ, લાલબાગ, ઈન્દ્રપુરી, સમા, ગોરવા, અલકાપુરી સહિતના 300 એફઆરટી (ફોલ્ટ રેક્ટીફિકેશન ટીમ) હડતાળ પર ઉતર્યા હતા.

અમે તમામ લોકો નવલખી મેદાન ખાતે એકત્રીત થયા હતા અને ત્યાં હડતાળ પાડી હતી. હડતાર ગુરુવારે બપોરે બે વાગે શરૂ કરાઈ હતી. ત્યારે શુક્રવારે સાંજે પાંચ વાગ્યા સુધી તમામના પગાર આપી દેવાયા હતા. હવે હડતાળ સમેટી લેવાઈ છે.

પાદરાના લાઈનમેન સચીન પરમારે કહ્યું કે, જિલ્લાના 30 ડિવિઝનના 250થી વધુ કર્મીઓ હડતાળ પર ઉતર્યા હતા. હું બે મહિનાથી એફઆરટીમાં નોકરીએ લાગ્યો છું. પગારની કોઈ તારીખ નક્કી નથી. અમે સાંધા કંપનીમાં છીએ. અમને કોન્ટ્રાક્ટર તરીફથી જાણવા મળ્યું હતું કે, અમારો પગાર રૂ.17 હજાર છે. ડીજીવીસીએલમાં પણ તે પગાર છે. જોકે અમારા હાથમાં ફક્ત રૂ.12 હજાર આવે છે.

એમજીવીસીએલના અધિકારીએ કહ્યું કે, વીજળીની ફરિયાદનો ઝડપી નીકાલ લાવવા એફઆરટી ટીમ બનાવી આઉટસોર્સિંગ કરાયું હતું. શહેરની 23 પૈકી 14 ટીમ હડતાળ પર હતી. ફરિયાદો માટે એમજીવીસીએલની ટીમ પણ છે. જોકે હડતાળ દરમિયાન કોઈ તકલીફ કે નુકસાન થયું નહોતું.



## ફાયર વિભાગની બેદરકારી આવી સામે:ફાયરબ્રિગેડ વિભાગની બેદરકારી, સ્નોરકેલનું ફિટનેસ એક્સપાયર અને વીમાની મુદત પણ પૂરી

વડોદરા મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગના સ્નોરકેલ મશીનનું ફિટનેસ ગત 8 ઓક્ટોબર 2024થી એક્સપાયર થઈ ગયું છે. તાજેતરમાં સ્નોરકેલ રિપેર કરાવવા રૂ. 45 લાખ જેટલો ખર્ચ કરાયો હતો. સાડા નવ કરોડના ખર્ચે પાલિકાએ સ્નોરકેલ મશીન ખરીદ્યું હતું. 2013 માં ખરીદેલુ સ્નોરકેલ વાહન 44 મીટરની ઊંચાઈ સુધી બચાવ અને રાહત કાર્યમાં મદદરૂપ થઈ શકે છે.

જો કે ફાયર બ્રિગેડ વિભાગની ઘોર બેદરકારીથી સ્નોરકેલ ફિટનેસ એક્સપાયર થઈ ગયું છે. હવે ફાયર બ્રિગેડ વિભાગ સામે પોલીસ પગલાં લેશે...?

## વડોદરા મનપાની સામાન્ય સભામાં વિપક્ષનો 31 સ્મશાનો ખાનગી સંસ્થાઓને સોંપવા સામે વિરોધ, ભાજપ કાઉન્સિલરે કહ્યું- પોલીસ બોલાવી પડે તે યોગ્ય નથી, પુનઃ વિચારણા કરો

વડોદરા કોર્પોરેશન દ્વારા કોર્પોરેશન હસ્તકના 31 સ્મશાનનોનું સંચાલન અને નિભાવણીનું કામ ચાર ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવતા વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે, આજે ડેપ્યુટી મેયરના અધ્યક્ષ સ્થાને મળેલી સામાન્ય સભામાં પણ સ્મશાનોનો વહિવટ ખાનગી સંસ્થાઓને સોંપવા બાબતે વિપક્ષ અને સત્તાપક્ષ વચ્ચે તડાફડી થઈ હતી. જોકે, સત્તાપક્ષના બે કાઉન્સિલરોએ સ્મશાનો અંગે પુનઃ વિચારણા કરવા લાગણી વ્યક્ત કરી હતી.

સભાની શરૂઆતમાં વિપક્ષી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે 31 સ્મશાનો ખાનગી સંસ્થાઓને સોંપવા સામે વિરોધ કરતા જણાવ્યું હતું કે, સ્મશાનો ખાનગી સંસ્થાઓને સોંપવાના બદલે જે સ્વૈચ્છિક સંસ્થાઓ કામ કરતી હતી. તે સંસ્થાઓનેજ ચાલુ રાખવા અને જે પ્રશ્નોની ફરિયાદોનું નિરાકરણ લાવવા રજૂઆત કરી હતી. વિપક્ષી નેતાની આ રજૂઆતને ભાજપા કાઉન્સિલર પરાક્રમસિંહ જાડેજાએ સમર્થન આપતા જણાવ્યું કે, સ્મશાનોના વિવાદને કારણે કોર્પોરેશનમાં પોલીસ કાફલો ઉતારવો પડે તે યોગ્ય નથી. આથી સ્મશાનો અંગે પુનઃ વિચારણા થવી જોઈએ. ભાજપા કાઉન્સિલર મનિષ પગારેએ જણાવ્યું કે, સ્મશાનનોનું સંચાલન ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવતા તેનો વિરોધ થઈ રહ્યો છે. મારા વિસ્તારમાં બીલ, કલાલી જેવા ગામોનો સમાવેશ થાય છે. આ ગામો કોર્પોરેશનમા સમાવેશ કરાયા છે. આ ગામોમાં આવેલા સ્મશાનોની જગ્યા ગામ લોકોની છે. ગામ લોકોજ તેનો વહીવટ કરે છે. ગામ લોકોને સ્મશાનની જમીન કોર્પોરેશન લઈ લેશે તેવો ડર સતાવી રહ્યો છે. આથી સ્મશાનો અંગે પુનઃ વિચારણા કરવી જોઈએ. તે સાથે વિપક્ષી કાઉન્સિલરો ઉપનેતા જહાં દેસાઈ, અમી રાવત, હરેશ પટેલ અને પુષ્પાબેન વાઘેલાએ પણ સ્મશાનોના ખાનગી કરણનો વિરોધ કરી પુનઃ વિચારણા કરવા માંગ કરી હતી.



**કરજણમાં 100 બેડની હોસ્પિટલ બનશે**

## CM ભૂપેન્દ્ર પટેલે સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ માટે જમીન ફાળવી, નિષ્ણાંત તબીબોની સેવાનો લાભ તાલુકાના દર્દીઓને મળશે



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરજણ ખાતે સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવવા માટે જમીન ફાળવણીની દરખાસ્તને મંજૂરી આપી છે. 30 પથારીની સુવિધા ધરાવતા સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં પરિવર્તિત કરવામાં આવતા હવે ત્યાં તજજ્ઞ તબીબોનો પણ લાભ મળશે. જેમાં 100 બેડ હશે.

કરજણ તાલુકા મથક હોવાથી તેની આસપાસ આવેલા ગામોના લોકો માટે વિશેષ આરોગ્ય સુવિધા ઉભી કરવાની જરૂરત હતી. જેને ધ્યાને રાખીને આરોગ્ય વિભાગ દ્વારા કરજણ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં પરિવર્તિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ માટે જમનાબાઈ હોસ્પિટલ તંત્ર તરફથી જમીન માંગણી કરવામાં આવી હતી. નિયત પ્રક્રિયા અનુસાર આ માંગણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહોંચતા તેમણે તુરંત સ્વીકારી હતી અને કરજણ ખાતે સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ માટે જમીન ફાળવવા માટે મંજૂરી આપી હતી.

આ નિર્ણય અનુસાર કરજણના સર્વે નંબર 1343ની 16552.12 ચોરસ મિટર જમીન જમનાબાઈ હોસ્પિટલ તંત્રને ફાળવવામાં આવશે. વિગતવાર આદેશો મહેસુલ વિભાગ દ્વારા કરવામાં આવશે.

કરજણમાં 100 પથારીની સુવિધા સાથેની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનતા તબીબી સહાયક વિવિધ સેવાઓ ઉપરાંત નિષ્ણાંત ડોક્ટરોની સેવા પણ ઉપલબ્ધ થશે.

## કિસાન ક્રેડિટ કાર્ડ અને અન્ય યોજનાઓમાં નોંધણી માટે ખાસ કેમ્પનું આયોજન

મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા લોકો, ગામ તળાવ/સિંચાઈ તળાવના ઈજારદારો અને પગડિયા માછીમારોને જણાવવાનું કે, કિસાન ક્રેડિટ કાર્ડ, NFDP રજિસ્ટ્રેશન તથા આઈ-ખેડૂત પોર્ટલ 2.0 માં રજિસ્ટ્રેશન કરાવવા માટે એક વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી (આઈ-920, કુબેરભવન, વડોદરા) ખાતે તા. 31/07/2025 સુધી, રજાના દિવસો સિવાય દરરોજ કાર્યરત રહેશે. જે પણ મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા વ્યક્તિનું NFDP તથા આઈ-ખેડૂત પોર્ટલ પર રજીસ્ટ્રેશન બાકી હોય અને K.C.C. ફોર્મ ભરવાનું હોય, તેઓને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. રજીસ્ટ્રેશન કરાવવા માટે આધારકાર્ડ, રેશનકાર્ડ, બેંક પાસબુક, ગામતળાવ ઈજારા હુકમ/NFDP પ્રમાણપત્રની નકલ તેમજ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે કચેરીએ હાજર રહેવું. આ તકનો લાભ લઈ, મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા સૌ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી સરકારી યોજનાઓના લાભો મેળવી શકે છે.

# ‘નંદેસરીથી પાદરા સુધી બોર કરો તો લાલ-લીલું પાણી આવે’: કંપનીઓ દ્વારા ઠલવાતા દૂષિત પાણી મુદ્દે વાઘોડિયાના ધારાસભ્ય સહિત અન્ય ધારાસભ્યોએ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા, 3 કંપનીને ક્લોઝર નોટિસ

વડોદરા કલેક્ટર કચેરી ખાતે આજે સંકલનની બેઠક મળી હતી. જેમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યો દ્વારા વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. આ સાથે વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા નંદેસરી GIDC વિસ્તારમાં આવેલી કેટલીક કંપનીઓ દ્વારા કેમિકલ યુક્ત દૂષિત પાણી નદીમાં છોડવાને લઈ કલેક્ટર અને અધિકારીને ઉગ્ર રજૂઆત કરી હતી. આ ઘટનાએ પર્યાવરણીય પ્રદૂષણ અને સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય અંગે ચિંતા ઉભી કરી છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા આ મામલે તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે અને ત્રણ કંપનીઓને ક્લોઝર નોટિસ ફટકારી છે. આ ઉપરાંત આ કંપનીઓના વીજ કનેક્શન કાપી નાખવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવશે. આ સાથે આવી પ્રવૃત્તિ અટકે કારણ કે, મીની નદીમાં વર્ષોથી આ લોકોએ ભૂગર્ભ જળ એટલું બધુ ગંદુ કરી મૂક્યું છે કે, નંદેસરીથી લઈને પાદરા સુધીમાં ક્યાંય પણ તમારે બોર કરવો હોય તો લાલ લીલું કેમિકલ યુક્ત પાણી જ આવે છે. એટલે ખેડૂતો ખેતી કરી શકતા નથી કે પાણી પી પણ શકતા નથી. એટલે આ બહુ ગંભીર ઘટના છે અને આ ફરીવાર ન બને તે માટે થઈને અમે અધિકારીઓને પણ સૂચના આપી છે. સરકારમાં પણ મેં પત્ર લખીની આવા વ્યક્તિઓ વારંવાર જે આ કૃત્ય કરતા હોય તેમનું લાયસન્સ રદ કરવા જણાવ્યું છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના રીજીનલ ઓફિસર જે.એમ. મહિડાએ આ મામલે નિવેદન આપતાં જણાવ્યું હતું કે, નંદેસરી GIDC વિસ્તારમાં આવેલી ત્રણ કંપનીઓ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને કેમિકલ યુક્ત દૂષિત પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આવી પ્રવૃત્તિ પર્યાવરણ અને જનસ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક છે. આ ત્રણેય કંપનીઓને તાત્કાલિક અસરથી ક્લોઝર નોટિસ આપવામાં આવી છે અને તેમના વીજ કનેક્શન કાપવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવશે. અમે આવા કૃત્યો સામે કડક કાર્યવાહી કરવા પ્રતિબદ્ધ છીએ.



### આ એક માનવવધ જેવું કૃત્ય કહેવાય: ધર્મેન્દ્રસિંહ વાઘેલા



આ અંગે વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ સરકાર અને GPCBની કામગીરી પર અનેક સવાલ ઉઠાવ્યા છે. આવું કૃત્ય કરનાર સામે વારંવાર હું અધિકારીઓને રજૂઆત કરતો હોઉં છું. કારણ કે, આ એક માનવવધ જેવું કૃત્ય કહેવાય. આ બાબતે અમે GPCB અને કલેક્ટરને રજૂઆત કરીએ છીએ અને કડક કાર્યવાહીની સૂચનાઓ આપીએ છીએ. પણ અમુક તત્વો એવા છે કે, જે પૈસા અને લોભ લાલચ માટે પોતે થોડા દિવસો માટે આવી બધી પ્રવૃત્તિઓ બંધ કરતા હોય છે.

### ગંભીરા બ્રિજ દુઘટનાના પીડિતોને સરકારી સહાય આપવા રજૂઆત : ચૈતન્યસિંહ ઝાલા




આ સાથે સંકલનમાં ગંભીરા બ્રિજ દુર્ઘટના મામલે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, જે દુર્ઘટના બની છે તેના મૃતકોના પરિવારને વધુ વળતરની સહાય થાય તે માટેની સરકારમાં માંગણી કરવા માટે તેમજ આ પરિવારોને અન્ય સરકારી સહાયો આપવા માટેની રજૂઆત કરી છે. સાથે ગંભીરા બ્રિજ પર લટકેલા ટેક્ન્ટર બાબતે પૂછતા કહ્યું ના આ માહિતી તો લગભગ ખોટી લાગે છે, પરંતુ તેને ઉતારવા માટેની જોખમ રૂપ કાર્યવાહી છે. જેથી કરીને ટેકનિકલ અધિકારીઓની સલાહ લઈને એની કાર્યવાહી કરવામાં આવશે.

### નર્મદા કેનાલ રીપેરીગ કામગીરી બાકી છે: કેતન ઇનામદાર



સાવલીના ધારાસભ્ય કેતન ઇનામદાર દ્વારા નર્મદા કેનાલ મામલે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં નર્મદા કેનાલ રીપેરીગ કામગીરી બાકી છે. ચોમાસા દરમિયાન કેનાલ રીપેરીગનું કામ કરવું યોગ્ય નથી. મારી વિધાનસભામાં ખેડૂતોને સમસ્યા ઉભી થાય છે. સાથે ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃતકોને સરકાર વધુ વળતર આપે તેવી રજૂઆત પણ કરી હતી.

### 15 દિવસથી લઘુ ઉદ્યોગોને ફરીથી નોટિસો આપવામાં આપી છે: યોગેશ પટેલ



માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલે પણ સંકલનમાં રજૂઆત કરી હતી અને તેઓએ જણાવ્યું હતું કે, નર્મદા સાથે જે લિંક તળાવ છે તે ભરવામાં આવે તેવી રજૂઆત કરી છે. આ સાથે GEB દ્વારા મીટરમાં અગાઉ ભરેલા નાણાં હોવા છતાં ફરીથી નાણાં ભરવા નોટિસો આપવી તે બાબતે પણ રજૂઆત કરી છે. GEB દ્વારા કરોડો રૂપિયા વધુ વસૂલવામાં આવ્યા છે. છેલ્લા 15 દિવસથી લઘુ ઉદ્યોગોને નોટિસો આપવામાં આવી છે અને એક લાખ, બે લાખ ભરવા માટેની વાત કરવામાં આવી છે તે બાબતેની મેં માહિતી માગી છે.

# મહેસુલી કેસોની પેન્ડન્સી ઘટતા કલેક્ટર તંત્રને બિરદાવતા અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિ

## અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિએ વડોદરા ખાતે મહેસુલી કાર્યોની સમીક્ષા બેઠક યોજી

અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિએ આજે કલેક્ટર કચેરી ખાતે એક બેઠક યોજીને મહેસુલી કાર્યોની સમીક્ષા કરી હતી. તેમણે જિલ્લા મથકો ઉપર જઇ સમીક્ષા બેઠક યોજવાની નૂતન પ્રણાલી શરૂ કરી છે, તેના ભાગ રૂપે આ બેઠક યોજાઇ હતી. તેમણે જણાવ્યું કે, રાજ્યનો મહેસુલ વિભાગ ચાવીરૂપ કાર્ય કરે છે અને જિલ્લા કક્ષાએ તમામ વિભાગોનું બેકબોન છે. મહેસુલ અધિકારી બનવાથી સેવા કરવાની વિશેષ તક મળે છે. જે સૌએ સારી રીતે અદા કરવાની જરૂર છે. ગંભીરા પૂલ દુર્ઘટના દરમિયાન વડોદરા કલેક્ટર સહિતના મહેસુલી અધિકારીઓને રાહત અને બચાવ કામગીરીમાં




બજાવેલી ફરજોની સરાહના કરતા તેમણે કહ્યું કે, જિલ્લામાં કામ કરતા મહેસુલી અધિકારીના માથે આવી આપત્તિ વેળાએ સંકલનનું મહત્વનું કામ કરવાનું થતું હોય છે. જે વડોદરામાં સારી રીતે થયું છે. મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રવિએ વધુમાં ઉમેર્યું કે, મહેસુલી અધિકારી તરીકે સમક્ષ, પારદર્શક અને કામગીરીમાં સમાન હોવું જોઈએ. મહેસુલ વિભાગ ઉપરાંત રાજ્ય સરકારની વિવિધ સેવાઓનો લાભ ત્રણ સિદ્ધાંતોને ધ્યાને રાખીને લોકોને સરળતાથી મળી રહે તે રીતે કામ કરવું જોઈએ. વડોદરા કલેક્ટર કચેરી અને પ્રાંત કચેરીઓમાં છેલ્લા એક તબક્કામાં વિવિધ મહેસુલી કેસોની પેન્ડન્સી ઘટી હોવાની વાતની તેમણે સહર્ષ નોંધ લીધી હતી. તેમણે કહ્યું કે, મહેસુલી કર્મચારીઓ અને અધિકારીઓ પાસે રહેલું કાયદાકીય જ્ઞાન સંગ્રહિત થાય અને આવનારા અધિકારીઓને કામ લાગે તે માટે કેસ સ્ટડી તૈયાર કરવા જોઈએ. જેથી ભવિષ્યમાં પણ મહેસુલીકર્મીઓને આ કેસ સ્ટડી કામ આવી શકે. કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ જમીન મહેસુલી અધિનિયમ, ગણોત ધારા, જમીન સંપાદન અધિનિયમ, સ્ટેમ્પ ડ્યુટી, સિટી સર્વે સહિતની બાબતોમાં કામગીરીની વિગતો પ્રસ્તુત કરી હતી. જેની વિસ્તૃત છણાવટ આ બેઠક દરમિયાન કરવામાં આવી હતી. આ ઉપરાંત કામગીરી માટે સરકારના વિવિધ ઓનલાઇન પ્લેટફોર્મમાં સુધારા વધારા અંગે સૂચનો પણ પ્રસ્તુત કર્યા હતા. બેઠક પૂર્વે શ્રી જયંતિ રવિએ કલેક્ટર કચેરી પરિસરમાં પારિજાતના છોડ રોપ્યો હતો અને વૃક્ષારોપણનો સંદેશ આપ્યો હતો.

આ બેઠક બાદ ક્રેડાઇ, વકીલ મંડળ, ખેડૂત સંગઠનો, વેપારી મંડળોના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક યોજી મહેસુલી કાર્યોને સુદ્રઢ બનાવવા માટેના પ્રતિભાવો જાણ્યા હતા.

# વડોદરા જિલ્લામાં આવેલી જાહેર અને ખાનગી સંસ્થાઓને રોજગારી રિટર્ન તથા વેકેન્સીની વિગત તા. ૩૦/૦૭/૨૦૨૫ સુધીમાં મોકલવા તાકીદ

વડોદરા જિલ્લાની હદમાં આવેલી જાહેર (સરકારી) તેમજ ખાનગી સંસ્થાઓને રોજગાર વિનિમય કચેરી C.N.V. એક્ટ-1959 અને નિયમ-1960 અંતર્ગત રોજગારી રિટર્ન મોકલવું ફરજિયાત છે. આ અંતર્ગત તમામ સંસ્થાઓએ ત્રિમાસિક E.R.-1 રિટર્ન ૩૦ દિવસની અંદર તથા છ-માસિક 85% સ્થાનિક-બિનસ્થાનિક રોજગારીનું રિટર્ન, જે માત્ર ઉત્પાદનલક્ષી એકમો માટે લાગુ પડે છે, ૨૦ દિવસની અંદર મદદનીશ નિયામક રોજગાર કચેરી, તરસાલી વડોદરા ખાતે મોકલવાનું રહેશે.

આ રિટર્ન મોકલવાની અંતિમ તારીખ તા. ૩૦/૦૭/૨૦૨૫ છે. સાથે જ, જે સંસ્થા અથવા એકમ ખાલી જગ્યાઓ ભરવા ઈચ્છે છે, તેમણે ભરતી પહેલાં કમ સે કમ ૧૫ દિવસ અગાઉ રોજગાર કચેરીને અથવા અનુબંધમ પોર્ટલ (anubandham.gujarat.gov.in) તથા NCS પોર્ટલ (ncs.gov.in) પર ખાલી જગ્યાની નોટિફિકેશન કરાવવી ફરજીયાત રહેશે જેથી પાત્ર ઉમેદવારોના નામ વિનામૂલ્યે ઉપલબ્ધ થઈ શકે. રોજગાર ભરતી મેળામાં ભાગ લઈને પણ માનવબળ મેળવવાની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

જિલ્લા તથા શહેર વિસ્તારમાં આવેલી તમામ સરકારી કચેરીઓ, બોર્ડ, નિગમ, કંપનીઓ, ખાનગી ક્ષેત્રની સેવા, ઉત્પાદન તથા વેપાર સાથે સંકળાયેલી સંસ્થાઓ, ફેક્ટરીઓ, ઓફિસો, શાળા-કોલેજો, હોસ્પિટલો, હોટેલો, પેટ્રોલ પંપો, મોલ, શોરૂમ, બેન્કો, એનજીઓ, ટ્રસ્ટો તેમજ તમામ આઉટસોર્સ અને કોન્ટ્રાક્ટર એજન્સીઓએ આ બાબતે કાયદેસર ફરજિયાત પાલન કરવું અનિવાર્ય છે. સમયમર્યાદામાં રિટર્ન ન મોકલનાર સંસ્થાઓ સામે C.N.V. એક્ટ-1959 તથા નિયમ-1960 મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# નડિયાદ મહાનગર પાલિકા રાજ્ય કક્ષાએ 27મા નંબરથી 72 નંબર ઉપર ધકેલાયા બાદ હવે જાણો મનપાનો સફાઇ મામલે રોડમેપ

સ્વચ્છતા સર્વેક્ષણ 2024 - 25માં નડિયાદ મહાનગર પાલિકા રાજ્ય કક્ષાએ 27 માં નંબરથી 72 નંબર ઉપર ધકેલાઈ હતી, જ્યારે રાષ્ટ્રીય કક્ષાએ પાલિકા 357 માંથી 192 પોઈન્ટ આગળ કૂદકો મારીને સીધી 165 નંબર ઉપર પહોંચી છે. જોકે હવે પછીના સર્વેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે મહાનગરપાલિકા દ્વારા વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યા છે. જે બાબતે નડિયાદ મહાનગરપાલિકાના કમિશ્નર જી એચ સોલંકીએ



મનપાનો રોડ મેપ જણાવ્યો હતો.

નડિયાદ શહેરને સ્વચ્છ બનાવવા માટે ડોર ટુ ડોરની કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે. જેમાં રહેણાંક ઉપરાંત કમર્શિયલ મિલકતો ઉપરથી કચરો એકઠો કરવા માટે વિશેષ સમયપત્રક તૈયાર કરવામાં આવી રહ્યું છે. હાલમાં રહેણાંક અને કમર્શિયલ મિલ્કતોમાંથી કલેક્શન માટેનો એક સર્વે કરવામાં આવી રહ્યો છે.

પ્રોસેસિંગ માટે નવી એજન્સીએ કામગીરી શરૂ કરી દીધી છે. 56000 મેટ્રિક ટન અત્યાર સુધીમાં ક્લિયર કરવામાં આવ્યું છે અને રોજનું 100 ટનથી પણ વધારે વેસ્ટને પ્રોસેસ કરવામાં આવી રહી છે. કમ્પાઉન્ડ વોલની કામગીરી પણ 75% પૂર્ણ થઈ ગઈ છે.

# નડિયાદ તાલુકા પંચાયતમાં નવા પ્રમુખની વરણી:આખડોલ બેઠકના સોનલબેન સોલંકી બિનહરીફ ચૂંટાયા, તાલુકા પંચાયતને મળ્યા ચોથા મહિલા પ્રમુખ

નડિયાદ તાલુકા પંચાયતમાં આજે પ્રમુખપદની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં આખડોલ બેઠકના સોનલબેન સોલંકી બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. નડિયાદ તાલુકા પંચાયતમાં કુલ 26 સભ્યો છે. તેમાં 16 ભાજપ, 9 કોંગ્રેસ અને એક અપક્ષ સભ્ય છે. ભાજપની સ્પષ્ટ બહુમતિ હોવાથી 2021માં સંજયસિંહ મહિડા પ્રમુખ બન્યા હતા. બીજા ટર્મમાં મહિલા બેઠક પર મેઘાબેન પટેલ ચૂંટાયા હતા. 1 જાન્યુઆરી 2025ના રોજ નડિયાદ પાલિકાને મહાનગરપાલિકા બનાવાઈ. આથી ટુંડેલ અને ઉત્તરસંડા બેઠક મનપામાં સમાવિષ્ટ થઈ ગઈ. મેઘાબેનનું પ્રમુખપદ સમાપ્ત થતાં નવી ચૂંટણી યોજાઈ. આજે બપોરે 1 વાગ્યે યોજાયેલી ચૂંટણીમાં ભાજપની ચૂંટાયેલી આઠ મહિલા સભ્યો વચ્ચે સ્પર્ધા હતી. જિલ્લા ભાજપ સંગઠને આખડોલ બેઠકના સોનલબેન સોલંકીને પ્રમુખપદની જવાબદારી સોંપી છે.



## ભરૂચમાં જિલ્લા ફરિયાદ નિવારણ બેઠક:કલેક્ટરની અધ્યક્ષતામાં રસ્તા, આવાસ, શિક્ષણ સહિત વિવિધ પ્રશ્નોની રજૂઆત

ભરૂચ જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાની અધ્યક્ષતામાં 19મી જુલાઈએ જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ. જિલ્લા આયોજન ભવન ખાતે યોજાયેલી આ બેઠકમાં જનપ્રતિનિધિઓએ વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી.



બેઠકમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આંતરિક રસ્તાઓ, આવાસ, વીજળી અને શિક્ષણને લગતા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા. આરોગ્ય, જમીન માપણી, લેન્ડલૂઝર, વરસાદી પાણી ભરાવા અને સિંચાઈના મુદ્દાઓ પણ ચર્ચામાં આવ્યા. જનપ્રતિનિધિઓએ સરકારી દબાણ હટાવવા માટે ઝીરો ટોલરન્સથી કામગીરી કરવાનો અનુરોધ કર્યો.

કલેક્ટર મકવાણાએ નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે સંબંધિત કચેરીઓના વડાઓને સંકલન કરવા સૂચના આપી. માર્ગ અને મકાન વિભાગને મરામતના કાર્યો ઝડપથી પૂર્ણ કરવા નિર્દેશ આપ્યા.

## નડિયાદમાં મહિલા અભયમની ટીમનું સરાહનીય કાર્ય

### કેનાલ પાસેથી આત્મહત્યાનો પ્રયાસ કરતી બે બાળકોની માતાને બચાવી, કાઉન્સેલિંગ બાદ પરિવાર સાથે સમાધાન

નડિયાદમાં મહિલા અભયમની ટીમે એક મહિલાનો જીવ બચાવવામાં સફળતા મેળવી છે. 181 મહિલા હેલ્પલાઈન પર એક વ્યક્તિએ જાણ કરી કે તેમના સંબંધીની દીકરી આત્મહત્યાની વાત કરીને ઘરેથી નીકળી ગઈ છે.




મહિલા અભયમની ટીમે તાત્કાલિક પ્રતિક્રિયા આપી. ટીમે મોટી કેનાલ નજીકથી મહિલાને શોધી કાઢી. બે બાળકોની માતા પતિ સાથેના ઝઘડાથી કંટાળી ગયા હતા. પતિએ ગુસ્સામાં ઘરેથી નીકળી જવાનું કહ્યું હતું. આ કારણે મહિલા ઘર છોડીને નીકળી ગયા હતા.

અભયમની ટીમે પતિ-પત્ની બંનેને સમજાવ્યા. ટીમે તેમને સુખ-શાંતિથી લગ્નજીવન જીવવાની સલાહ આપી. બાળકોની યોગ્ય કેળવણી માટે સાથે મળીને કામ કરવાનો અનુરોધ કર્યો. મહિલાએ થોડા સમય માટે તેમના બહેનના ઘરે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી. પતિએ આ માટે સંમતિ આપી દીધી. મહિલા થોડા સમય બાદ પાછા ઘરે આવશે. આમ, નડિયાદ મહિલા અભયમની ટીમે અસરકારક કાઉન્સેલિંગ દ્વારા એક પરિવારમાં સમાધાન કરાવ્યું. ટીમની સમયસૂચક કાર્યવાહીથી એક મહિલાનો જીવ બચી શક્યો.

## જંબુસરમાં રસ્તાની કામગીરી મુદ્દે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન:પાલિકાએ બંધ પડેલી માર્ગની કામગીરી શરૂ કરી

જંબુસર નગરમાં એસટી બસ સ્ટેન્ડથી ટંકારી ભાગોળ સુધીના આર.સી.સી. માર્ગની કામગીરી છેલ્લા કેટલાક દિવસોથી બંધ હતી. કોંગ્રેસના વિરોધ કાર્યક્રમ પહેલાં જ નગરપાલિકાએ કામગીરી શરૂ કરી દીધી હતી. ચોમાસા દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા અનિયમિત રીતે કોંક્રિટ મિશ્રણ નાખવામાં આવ્યું હતું. એક જાગૃત નાગરિકે આ વિડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. આ પછી કામગીરી રોકી દેવામાં આવી હતી. ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના



આદેશથી જંબુસર શહેર કોંગ્રેસ સમિતિએ વિરોધ કાર્યક્રમની જાહેરાત કરી હતી. પાલિકાએ ક્વોલિટી કંટ્રોલ ચેક કર્યા બાદ માર્ગની કામગીરી ફરીથી શરૂ કરી હતી. વિરોધ કાર્યક્રમમાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા, પૂર્વ ધારાસભ્ય સંજય સોલંકી, શહેર પ્રમુખ ઈરફાન પટેલ, આમોદ શહેર પ્રમુખ નરેન્દ્ર પટેલ અને વિપક્ષના નેતા શાકિર મલેક હાજર રહ્યા હતા.










# શહેરમાં અનેક વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા મુદ્દે લોકો પરેશાન

## ડ્રેનેજ ચોકઅપ થઈ જતા ઉભરાતા ડ્રેનેજના પાણી અને ગંદકીની અનેક ફરિયાદો

*વડોદરાના સત્તાધીશો નાગરિકોને પ્રાથમિક સુવિધા આપવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહ્યા છે. તેમ છતાં હજુ પણ પાયાની સુવિધાની ઢગલાબંધ ફરિયાદો સામે આવી રહી છે. તાજેતરમાં સ્વચ્છતા સર્વેક્ષણ એવોર્ડ 2024 - 25માં વડોદરાને પ્રોમિસિંગ કેટેગરીનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. તો બીજી તરફ ઠેર ઠેર ઉભરાતી ગટર અને ગંદકી સહિતના પ્રશ્નો કોર્પોરેશનની કામગીરી સામે સવાલો ઊભા કરી રહ્યા છે. આજે શહેરમાં પ્રાથમિક સુવિધા મુદ્દે કેટલાક સ્થળોએ લોકોએ દેખાવો યોજી સમસ્યાનું નિરાકરણની માંગ કરી હતી.*

### સોમાતળાવ પાસેની રિદ્ધિ સિદ્ધિ સોસાયટીના રહીશો વરસાદી કાંસમાં ગંદકીને લઈ પરેશાન



ડભોઈ રોડ સોમા તળાવ નજીક આવેલ રિદ્ધિ સિદ્ધિ સોસાયટીના રહીશો પાછલા ઘણા વર્ષોથી વરસાદી કાંસમાં ગંદકીને લઈને પરેશાન છે. આજે રહીશોએ એકત્ર થઈ તંત્ર વિરુદ્ધ નારાજગી દર્શાવી જણાવ્યું હતું કે, અહીંથી પસાર થતી વરસાદી કાંસમાં સફાઈ થઈ રહી નથી, જેથી વિસ્તારમાં દુર્ગંધ ફેલાતી હોય લોકોએ મોઢે રૂમાલ બાંધી અવરજવર કરવી પડે છે, 12 મીટરની કાંસ સાંકળી થઈ જતા પાણી બેક મારી રહ્યું છે, અનેક રજૂઆત કરવા છતાં હજુ સુધી સમસ્યાનો ઉકેલ આવી રહ્યો નથી



### ગોત્રી ચારરસ્તા પાસે ડ્રેનેજના દૂષિત પાણી પીવાના પાણીની લાઈનમાં ભળે તો રોગચાળાનો ભય

વોર્ડ નં. 10 માં સમાવિષ્ટ ગોત્રી ચાર રસ્તા પાસે મુખ્ય માર્ગ ઉપર પાછલા 10 દિવસથી ડ્રેનેજના પાણી માર્ગ ઉપર ઉભરાઈ રહ્યા હોય લોકોને તેમાંથી પસાર થવાની નોબત આવી છે. સ્થાનિક આગેવાનનું કહેવું હતું કે, ડ્રેનેજના પાણી ઉભરાઈ રહ્યા છે તે સ્થળે જ પાણીનો વાલ્વ છે, જો ડ્રેનેજના પાણી પીવાના પાણીની લાઈનમાં ભળે તો રોગચાળો ફાટી નીકળવાની શક્યતા છે, જેથી તંત્રએ તકેદારી રાખી વહેલી તકે ડ્રેનેજના ઉભરાતા પાણી બંધ કરવા જોઈએ.

### સેવાસી કેનાલ રોડ પર ઉભરાતી ડ્રેનેજથી સ્થાનિક રહીશો પરેશાન

વોર્ડ ૯ માં સેવાસી કેનાલ રોડ પર આવેલ પીએમ આવાસ યોજનામાં પાછલા ત્રણ મહિનાથી ડ્રેનેજ ચોકઅપ થવાની સમસ્યા છે. ડ્રેનેજના પાણી માર્ગ ઉપર ફરી વળતા દુર્ગંધ સાથે ગંદકી ફેલાઈ રહી છે, અને લોકોને દૂષિત પાણીમાંથી પસાર થવાની નોબત આવી રહી છે, અનેક વખત રજૂઆત છતાં નિરાકરણ આવી રહ્યું નથી, સ્થાનિકોએ વહેલી તકે સમસ્યાનું નિરાકરણ આવે તેવી માંગ કરી હતી.

### વેમાલીમાં પ્રાથમિક સુવિધાના અભાવે રહીશોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

વેમાલી ગામમાં પ્રાથમિક સુવિધા મુદ્દે કોંગ્રેસ અને સામાજિક કાર્યકર્તાએ સ્થાનિક રહીશોને સાથે રાખી ધરણા યોજ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસે બંને કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. સ્થાનિક રહીશોનું કહેવું હતું કે, અહીં ડ્રેનેજ, પાણી, રોડ રસ્તાની પૂરતી સુવિધા નથી, પીવાનું પાણી કાળાશ પડતું આવી રહ્યું છે, જેના કારણે બાળકોમાં બીમારીનો વાવર છે, વહેલી તકે સમસ્યાનું નિરાકરણ ન આવ્યું તો ચૂંટણીનો બહિષ્કાર કરીશું.

### વુડા આવાસ યોજનામાં ગંદકીથી ત્રસ્ત રહીશોએ જાતે સફાઈનું બીડું ઉપાડ્યું

વોર્ડ નં.11 માં સમાવિષ્ટ વડનગર વુડા આવાસ યોજના ખાતે ઘણા સમયથી ડ્રેનેજ ઉભરાવવાની સમસ્યા હોય વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ સાથે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે, તંત્રને અનેક રજૂઆત છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતા સ્થાનિક રહીશોએ એકત્ર થઈ તંત્ર વિરુદ્ધ નારાજગી દર્શાવી જાતે સફાઈનું બીડું ઉપાડી કામગીરી શરૂ કરી હતી, રહીશોનું કહેવું હતું કે, આવાસો હલકી ગુણવત્તાના ફાળવી દીધા છે, હવે પ્રાથમિક સુવિધા પણ મળી રહી નથી, નેતા અધિકારી સ્થળ પર ફરકવા તૈયાર નથી, વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની શક્યતા છે. શહેરમાં અનેક વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા મુદ્દે લોકો પરેશાન

## અંબે અને જય અંબે વિદ્યાલય, (ગુજરાત બોર્ડ) અંબે સ્કૂલ સીબીએસઈ હરણી ખાતે વિદ્યાર્થી સંઘ હોદ્દેદાર શપથવિધિ સમારોહ સંપન્ન



વડોદરા, તારીખ ૧૮ જુલાઈ, ૨૦૨૫: આજે અંબે અને જય અંબે વિદ્યાલય, હરણી દ્વારા સરદાર પટેલ ઓડિટોરિયમ ખાતે વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે વિદ્યાર્થી સંઘ હોદ્દેદાર શપથવિધિ સમારોહ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં વિદ્યાર્થી નેતાઓને તેમની હોદ્દા ની જવાબદારી સોંપવામાં આવી, જેમાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વસાવા સાહેબ (હરણી પોલીસ સ્ટેશન) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો શુભારંભ મહાનુભાવોના સ્વાગત અને દીપ પ્રાગટ્યથી થયો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના નૃત્ય, લીડરશીપ નૃત્ય અને રાષ્ટ્રભક્તિને અનુરૂપ નૃત્ય મનમોહક પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી, વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ નૃત્ય ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. મહાનુભાવોના પરિચય અને પુષ્પગુચ્છ અર્પણ બાદ, શાળાના હેડ બોય્ઝ અને હેડ ગર્લ્સ, ત્યારબાદ કેપ્ટન્સ અને વાઈસ કેપ્ટન્સ દ્વારા ગૌરવપૂર્ણ "માર્ચિંગ" કરવામાં આવ્યું હતું.

## બે ઔદ્યોગિક વસાહતોને જોડતો મિની નદી પરનો નંદેસરી બ્રિજ તમામ વાહનો માટે બંધ

### બ્રિજની બંને બાજુ પતરાની આડસો : બ્રિજ બંધ કરાતા વૈકલ્પિક રુટ જાહેર કરાયા

વડોદરા, ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ અનેક બ્રિજોની ચકાસણી દરમિયાન બે ઔદ્યોગિક વસાહતોને જોડતા મિની નદી પરનો નંદેસરી બ્રિજ તમામ પ્રકારના વાહનો માટે બંધ કરી દઈ બ્રિજની બંને બાજુ પતરાની આડસો ઊભી કરી દેવામાં આવી છે.

શહેર પોલીસ કમિશનરે આજે એક જાહેરનામું પ્રસિધ્ધ કરીને મિની નદી પરનો આ બ્રિજ બંધ કરી દેવાની જાહેરાત કરી હતી. નંદેસરી ઔદ્યોગિક વસાહત અને પીસીસી ઔદ્યોગિક વસાહતને જોડતો મિની પરનો બ્રિજ ૫૧ વર્ષ જૂનો છે. અગાઉ બ્રિજનો લોડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને બાદમાં તેના પર ફક્ત ભારે વાહનો સિવાયના વાહનોની અવરજવર કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

તાજેતરમાં આ બ્રિજની ફરી ચકાસણી કરતા તેની હાલત ગંભીર જણાઈ હતી અને લાઈટ વેઈટ વ્હિકલોની અવરજવર માટે પણ યોગ્ય નહી હોવાનું લાગતા આ બ્રિજ હવે લાઈટ વેઈટ વ્હિકલો માટે પણ બંધ કરી દેવાયો છે. બ્રિજ બંધ થતા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં રણોલી રેલવે ઓવરબ્રિજ નીચેથી રણોલી રેલવે ફાટક થઈ પદમલા બ્રિજ નીચેથી નેશનલ હાઈવે થઈ જે-તે તરફ અવરજવર કરી શકાશે. આ ઉપરાંત રિલાયન્સ ધનોરા ગેટ-૭ સામેથી રામપુરા-ધનોરા-અનગઢ-રામગઢ ચોકડી થઈ નંદેસરી તરફ અવરજવર કરી શકાશે.

## વડોદરાના નવલખી વિસ્તારમાં 200 જેટલા પરિવારો હાલ ખાળકુવા પર નિર્ભર



વડોદરા કોર્પોરેશનની સભામાં કોંગ્રેસના કાઉન્સિલર બાળુ સર્વેએ નવલખી વિસ્તારમાં 200 જેટલા પરિવારો ખાળકુવા પર નિર્ભર હોય અસંખ્ય વખત રજૂઆત કરવા છતાં ડ્રેનેજ લાઈનની કામગીરી ન થતા તંત્ર સામે નારાજગી દર્શાવી હતી.

પાલિકાની સામાન્ય સભામાં કોંગ્રેસના કોર્પોરેટર બાળુ સુર્વેએ રજૂઆત કરી હતી કે, મારા વિસ્તારમાં નવલખી જીઈબી ગેટ પાસે આવેલ 200 જેટલા પરિવારો ખાળકુવા પર આધારિત જીવન વિતાવી રહ્યા છે. તેઓને વર્ષો પછી પણ ડ્રેનેજ લાઈન મળી નથી. અહીં હાલ સ્ટ્રીટ લાઈટ, રોડ તમામ સુવિધા છે પરંતુ સમયસર ખાળકુવા ખાલી ન થતા તેઓને ખૂબ મુશ્કેલી પડે છે અને વારંવાર રજૂઆત કરવી પડે છે. આ અંગે મેં અત્યાર સુધી 12 મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી છે, તે તમામે કામગીરીનું નિરીક્ષણ કર્યું છે અને કામ કરવાની તૈયારી બતાવી છે તેમ છતાં હજી સુધી આ કામ કરવામાં આવ્યું નથી. કામ માટે એકથી દોઢ કરોડનો ખર્ચો છે તો પછી કોર્પોરેશન કેમ આ કામમાં પાછીપાની કરે છે? તે સમજાતું નથી.

## કાશી વિશ્વનાથ મંદિર પાસેનું તળાવ દૂષિત પાણીથી બારેમાસ છલોછલ રહે છે



વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની મળેલી સમગ્ર સભામાં કાશી વિશ્વનાથ મંદિર પાસે આવેલા તળાવનો મુદ્દો ફરી પાછો ઉઠાવવામાં આવ્યો હતો. આ તળાવમાં વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી લાઈનનું સીધું જોડાણ હોવાથી વરસાદી પાણીમાં વહેતા ગટરના પાણી તળાવમાં ઠલવાતા રહેતા તળાવ બારેમાસ દૂષિત પાણીથી ભરાયેલું રહે છે.

વોર્ડ નંબર 13 ના કોંગ્રેસના સિનિયર કોર્પોરેટરે રજૂઆત કરતા જણાવ્યું હતું કે આ મુદ્દે અસંખ્ય રજૂઆતો કરી હોવા છતાં કોઈ નિવારણ આવ્યું નથી. પાલિકા દ્વારા એક બાજુ તળાવના બ્યુટીફિકેશન કરવાની સાથે તેને ઊંડા કરવામાં આવી રહ્યા છે, ત્યારે શહેરના મધ્યમાં કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં આવેલ તળાવ વગર વરસાદે ઓવર ફ્લો થાય તેવું છે. બારે મહિના મસિયા કાંસમાં ડ્રેનેજના પાણી ટ્રીટમેન્ટ કર્યા વગર છોડવામાં આવે છે. આ પાણી તળાવમાં ઠલવાય છે.

## ગ્રાહકોનું રજિસ્ટર નહિ રાખનાર ગેરેજ અને મોબાઈલ શોપના છ સંચાલકોની ધરપકડ

વડોદરાઃ શહેરમાં પોલીસ કમિશનર દ્વારા સુરક્ષાના કારણોસર જૂના વાહનો અને મોબાઈલની લે વેચ કરતા વેપારીઓ-ગેરેજ સંચાલકોને ગ્રાહકોનું રજિસ્ટર રાખવા ખાસ સૂચના આપવામાં આવી છે. પરંતુ તેમ છતાં કેટલાક સંચાલકો દ્વારા તેનો અમલ કરવામાં આવતો નથી. જેથી એસઓજી દ્વારા આવા સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

બે દિવસ દરમિયાન પોલીસે જાહેરનામાનો ભંગ કરનાર ગેરેજ અને મોબાઈલના છ સંચાલકોની ધરપકડ કરવામાં આવી છે.

પકડાયેલાઓમાં ન્યુ વીઆઈપી રોડ પર જય આપેશ્વર મોબાઈલ ટેલિકોમના રમેશ કેશાભાઈ રબારી(સાંઈનગર, ખોડિયારનગર) ભવાની મોબાઈલના મહેન્દ્ર રાણારામજી માલી (ગજાનંદ હાઈટ્સ,બરાનપુરા પાસે) અને પટેલ મોબાઈલના પારછારામ પદમારામ ચૌધરી (સહજ રેસિડેન્સી,ખોડિયાર નગર)નો સમાવેશ થાય છે.

જ્યારે,અકોટા ગાયસર્કલ પાસે અર્ચિત ગેરેજના પ્રદિપ કિશનકુમાર દુબે (જવાહર રેલવે લાઈન પાસે,અકોટા) બરોડા ઓટો ગેરેજના મેમુદ વલીભાઈ મુલતાની (અકોટા ગામ) અને અટલાદરાના પ્રમુખ ઓટો પોઈન્ટના નિલ મુકેશભાઈ પટેલ (ગોકુલપુરા, ભાયલી)નો સમાવેશ થાય છે.

## રોંગ સાઈડ આવતા રિક્ષા ચાલક અને પોલીસ જવાન વચ્ચે ઝપાઝપી

### મામલો કુંભારવાડા પોલીસ સ્ટેશન પહોંચ્યો : સમાધાન થઇ જતા ફરિયાદ ના થઇ

વડોદરા,હરણી રોડ સંગમ ચાર રસ્તા પાસે રોંગ સાઈડ આવતી રિક્ષા સાથે પોલીસ જવાનને અકસ્માત થતા ઝઘડો થયો હતો. જેના પગલે રિક્ષા ચાલક અને પોલીસ જવાન વચ્ચે ઝપાઝપી થઈ હતી.

આજે બપોરે હરણી રોડ સંગમ ચાર રસ્તા પાસેથી એક પોલીસ જવાન બાઈક લઈને જતા હતા. તે દરમિયાન રોંગ સાઈડ આવતી રિક્ષા સાથે અકસ્માત થતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. આ અંગે દેણા ગામના રહીશે જણાવ્યું હતું કે, અકસ્માતના પગલે પોલીસ જવાન અને રિક્ષા ચાલક વચ્ચે ઝપાઝપી થઈ હતી. ત્યારબાદ રિક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ તેઓને છોડાવવા વચ્ચે પડતા તેઓની સાથે પણ પોલીસે ઝપાઝપી કરી હતી. ત્યારબાદ સમગ્ર મામલો કુંભારવાડા પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. દેણા ગામના અગ્રણીઓ પણ દોડી આવ્યા હતા. બંને પક્ષ વચ્ચે સમાધાન થઈ જતા કોઈ પોલીસ ફરિયાદ થઈ નહતી.

## પાણીગેટ બાવામાનપુરામાં ગેસ રિફિલિંગકરતો આરોપી ઝડપાયો

### ગેસના ભરેલા અને ખાલી બોટલ તેમજ રિફિલિંગના સાધનો કબજે

વડોદરા,પાણીગેટ બાવામાનપુરા કુંભારવાડાના ગીચ વિસ્તારમાં મકાનમાં ગેસ રિફિલિંગ કરી લોકોના જીવ જોખમમાં મૂકતા આરોપીને એસ.ઓ.જી.ની ટીમે ઝડપી પાડયો છે.

એસ.ઓ.જી. પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન માહિતી મળી હતી કે, બાવામાનપુરા કુંભારવાડામાં રહેતો અલ્લારખા ઉર્ફે રેહાન સિન્ધી તેના મકાનમાં રાંધણ ગેસના ભરેલા બોટલના સીલ ખોલી તેમાંથી પાઈપ વડે ગેસ ખાલી બોટલમાં ભરી ફરીથી સીલ કરી ગ્રાહકોને વેચે છે. જેથી,પોલીસ સ્ટાફે ઉપરોક્ત સ્થળે જઈને રેડ કરતા અલ્લારખા ઉર્ફે રેહાન ગુલામમોહંમદ સિન્ધી મળી આવ્યો હતો. પોલીસે તેની સામે ગુનો દાખલ કરી ગેસના ભરેલા ૧૭ બોટલ, ૮ ખાલી બોટલ, રિફિલિંગ કરવાના સાધનો મળી કુલ ૩૭,૩૬૩ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
મહારાણી ગર્લ્સ હાઈસ્કુલ પાસે, કપ્તાન ફળિયા, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧.
NABH Accredited
સિટી એરિયાનું એકમાત્ર સુસજ્જ ઓપરેશન થિયેટર અને આઈ.સી.યુ. ની સુવિધા ધરાવતું હોસ્પિટલ
ઓ.પી.ડી., આઈ.સી.યુ., દાઝેલા માટે સ્પે. સારવાર, સુસજ્જ ઓપરેશન થીયેટર, ડાયાલીસીસ વિભાગ, ૨૪×૭ તાત્કાલિક સારવાર, એક્ષ-રે વિભાગ, ફિઝીઓથેરાપી, ફાર્મસી, લેબોરેટરી ૨૪ કલાક, એમ્બ્યુલન્સની સુવિધા, આરોગ્યપ્રદ આહારની સુવિધા
(0265) 2432100 72260 15001 (ICU) 72260 15002 (ઈમરજન્સી)

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
HOPE • LIVES • HERE
એપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત છે. એપોઈન્ટમેન્ટ લીધા વગર આવવું નહી.
HEALTH COUPON
Free RBS
Free BP Check-up
Free BMI
Free Consultation
આ કુપન એક જ વ્યક્તિ માટે માન્ય છે તથા પહેલી વખત આવો ત્યારે જ વાપરી શકાય.
દાખલ ચાર્જ અને સર્જીકલ ચાર્જ ઉપર ૧૫% ડિસ્કાઉન્ટ
Behind Maharani Girl's High School, Kaptan Faliya, Raopura, Vadodara-390001.
Ph.: (0265) 2432100 M.: 72260 15001 (ICU) / 72260 15002 (Reception)
Email : siddhimultispecialityhospital@gmail.com

## વડોદરામાં પાણીના કાયમી સોલ્યુશન માટે મ્યુ. કમિશનરનો એક્શન પ્લાન

વડોદરા શહેરમાં બારે મહિના પાણીનો કકડાટ રહે છે. ત્યારે મ્યુ. કમિશનરે પરિસ્થિતિનો તાગ મેળવી 2050 સુધીની વસ્તીને ધ્યાનમાં રાખી નવા પાણીના સ્ત્રોત ઊભા કરવા રાજ્ય સરકાર તરફથી લીલીઝંડી મળી હોય કોર્પોરેશને આ અંગે થનાર ખર્ચ હેતુ સરકાર પાસેથી તબક્કાવાર રૂ. 1840 કરોડની માંગણી કરવામાં આવી છે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા પાણી વિતરણના વિવિધ સ્ત્રોતની વૃદ્ધિ માટે વર્ષ 2050 સુધીની વસ્તીને ધ્યાનમાં રાખી આગામી 5 વર્ષમાં કરવા પાત્ર કામોનો અહેવાલ વડોદરા સર્કિટ હાઉસ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કર્યા બાદ વિસ્તૃત અહેવાલ પ્રિન્સિપલ સેક્રેટરીને મોકલતા પ્રપોઝલને મંજૂરી મળી હતી. પૂર્વ ઝોનમાં આજવા સરોવર - મહીસાગર નદી, પશ્ચિમ ઝોનમાં મહીસાગર નદી - નર્મદા કેનાલ, ઉત્તર ઝોનમાં મહીસાગર નદી અને દક્ષિણ ઝોનમાં મહીસાગર નદી - નર્મદા કેનાલમાંથી હાલ પ્રતિ દિવસ 750 મિલિયન લીટર આવકની ક્ષમતા વધારી 1495 મિલિયન લિટર પ્રતિ દિવસ કરાશે. પૂર્વ ઝોનમાં નિમેટા ખાતે 50 અને 75 એમએલડીના બે તથા પોઈચા ખાતે 100 એમએલડીનો પ્લાન્ટ, પશ્ચિમ ઝોનમાં દોડકા 50 એમએલડી, સીંધરોટ 150 એમએલડી, ખાનપુર 75 એમએલડી, ઉત્તર ઝોનમાં અનગઢ 150 એમએલડી, રાયકા 75 એમએલડી, દક્ષિણ ઝોનમાં કપૂરાઈ 200 એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આયોજન છે. પૂર્વ ઝોનને મહીસાગર નદી મારફત એક સ્વતંત્ર સ્ત્રોત, ઉત્તર ઝોનને નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, દક્ષિણ ઝોનને નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મળશે.

EDITOR- PRINTER-PUBLISHER & OWNER BY : GHADHIYALI MUMTAZ NISARMAHENDI PRINTED BY : HIMALI GRAPHICES & PRINTING PRESS MANOHAR CHOWK,VACCHEVAD NADIAD 387001. GUJARAT, INDIA. PUBLICATION BY : A-15, RAJIV AAVASH, NEAR J.P. POLICE STATION, TANDALJA, VADODARA-390012 , DIST, GUJARAT,
*RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB .ACT N EDITOR : GHADIYALI MUMTAZ NISARMAHENDI.